R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 44-45 DATE: 05-11-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## અંકુશ રેખા પર ઘુસણખોર ત્રાસવાદીઓ દ્વારા એક લશ્કરી જવાનનુ મસ્તક કાપી લઇ જવાયું

કુપવાડાના માછીલ ક્ષેત્રમાં કેટલાક ઘુસણખોર ત્રાસવાદીઓ સાથે થયેલ અથડામણમાં ત્રાસવાદીઓ એક જવાનના મૃતદેહને ક્ષતવિક્ષિત કરી ભાગી છુટ્યા હતા.ત્રાસવાદીઓ તેમની સાથે આ જવાનનું મસ્તક લઈ ગયા હતા.શહીદ જવાન ૧૭મી શીખ રેજીમેન્ટનો હતો.ભારતીય સૈન્યના પ્રવકતાએ વળતો જવાબ એ જ રીતે આપવામાં આવશે તેવુ કહ્યુ હતું.પાક.રેજન્ર્સ દ્વારા થઈ રહેલા કવરિંગ ગોળીબારની આડમાં ત્રાસવાદીઓ ઘુસી આવ્યા હતા.જો કે ઘુસણખોરીના પ્રયાસને નાકામયાબ બનાવાયો હતો.જો કે બીએસએફના એડીજીના જણાવ્યા પ્રમાણે છેલ્લા એક સપ્તાહમાં ભારતીય સેનાએ આપેલા જડબાતોડ જવાબને કારણે ૧૫ પાકિસ્તાની જવાન માર્યા ગયા હતા.સરકારે પાકિસ્તાનને ૧૦ ગણી તાકાતથી જવાબ આપવાનો આદેશ આપ્યો હતો.

પીઓકેમાં ભારતીય સેનાની સર્જીકલ સ્ટ્રાઈક બાદ ૫૬ વખત યુધ્ધવિરામનું ઉલ્લંઘન કરી ચુકેલ પાકિસ્તાની સેનાએ જમ્મુ,કઠુઆ અને રાજૌરી જિલ્લામાંથી એલઓસી અને આંતરારાષ્ટ્રીય સરહદ પર આવેલી ભારતીય ચોકીઓ અને નાગરિક વિસ્તારો પર ભીષણ મોર્ટરમારો અને ગોળીબારો ચાલુ રાખ્યા હતા.

## તાતા ગ્રુપમાં ઉભી થયેલ વહીવટી કટોકટીને કારણે વચગાળાના ચેરમેન તરીકે રતન તાતાની નિમણુંક કરાઇ

ભારતના સૌથી મોટા ઉદ્યોગગૃહોમાં જેની ગણના થાય છે તેવા તાતા ગ્રુપમાં ઉભી થયેલી વહીવટી કટોકટીને ઠારવા માટે ગ્રુપમાંથી રીટાયર્ડ થયેલા રતન તાતાને ફરીથી વચગાળાના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે.તાતા સન્સના ચેરમેન તરીકે સાયરસ મિસ્ત્રીને દુર કરવામાં આવ્યા છે.જો કે સાયરસ મિસ્ત્રીના ફેમીલી શાપુરજી પાલનજી મીસ્ત્રીનું તાતા સન્સમાં ૧૮.૫૦ ટકા જેટલું રોકાણ છે.એના ખરીદદારની શોધ રતન તાતા ચલાવી રહ્યા છે.આ માટે તાતા ફેમીલી ટ્રસ્ટે સોવરીન વેલ્થ ફંડ્સ અને અન્ય લોંગ ટર્મ ઈન્વેસ્ટર્સનો સંપર્ક કર્યો છે.જો કે મિસ્ત્રી ફેમીલીનો વિચાર એમનું હોલ્ડીંગ વેચવાનો નથી.

નવા ચેરમેન માટે એક કમિટીની રચના કરવામાં આવી છે.તે મુજબ કમીટી નવા ચેરમેન માટે ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવા માંડી છે.નોએલ તાતા ફાઉન્ડીંગ ફેમીલીના સભ્ય છે તેમજ સાયરસ મિસ્ત્રીના બનેવી છે.તેઓનું નામ પણ આ લીસ્ટમાં છે.જો કે કાનુની દાવપેચ શરુ થયા છે જે લાંબા ચાલશે.

## તાતા ગ્રુપની તપાસ કરવા એસઆઇટીની રચનાની માંગણી કરતાં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી

તાતા ગ્રુપમાં નેતૃત્વના મામલે ચાલી રહેલા વિવાદમાં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ પણ ઝુકાવ્યુ છે. આમ તો તેઓ ગમે તે જગ્યાએ લોકોને ભેખડે ભરાવવા અને વિસ્ફોટક નિવેદનો કરવા માટે જાણીતા તો છે જ.તેમણે તાતા ગ્રુપની તપાસ કરવા માટે મલ્ટી એજન્સી સીટની રચના કરવાની માંગણી કરી છે. સાયરસ મિસ્ત્રીએ તાતા ગ્રુપ અને એર એશીયાના કરાર બાબતે કેટલાક ફ્રોડયુલન્ટ ટ્રાન્ઝેકશન્સ થયા હોવાનો આક્ષેપ કર્યો છે.એની તપાસ કરવા માટે મલ્ટી એજન્સી એસઆઈટીની રચના માટે સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાને પત્ર લખ્યો છે.વડાપ્રધાને પાઠવેલા પત્રમાં સ્વામીએ જણાવ્યુ છે કે સીટમાં સીબીઆઈ,ઈડી અને સેબીના અધિકારીઓને સામેલ કરવા જોઈએ

## કેન્દ્ર સરકાર સામે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે આક્રોશ ઠાલવ્યો - શું સરકાર અદાલતોને તાળા મારવા માંગે છે ?

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસે અદાલતોમાં ન્યાયાધીશોની નિયુક્તિ પર સરકાર દ્વારા થઈ રહેલા વિલંબ સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.કેન્દ્ર સરકાર દ્વારા અદાલતોના ન્યાયાધીશોની નિયુક્તિ પર ઉધડો લેતાં સવાલ કર્યો હતો કે શું સરકાર અદાલતોને તાળાં મારી દેવાના પ્રયાસ કરી રહી છે ? હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની નિયુક્તિ પરની જાહેર હિતની અરજીની સુનાવણી કરતાં મુખ્ય ન્યાયમુર્તિના વડપણ હેઠળની બેન્ચે જણાવ્યુ હતું કે સરકાર જજોની નિયુક્તિ નહીં કરીને સમગ્ર ન્યાયતંત્રને સ્થગિત કરી શકે નહીં.એક સમય એવો હતો કે જ્યારે કોર્ટરુમ ઓછા અને ન્યાયાધીશો વધારે હતા.અત્યારે ન્યાયાધીશોની નિયુક્તિન હોવાથી કોર્ટરુમોને તાળાં મારી રાખવા પડે છે.જો ન્યાયિક નિયુક્તિઓ ફાસ્ટ ટ્રેક પર નહીં લવાય તો અને પીએમઓ અને કાયદા મંત્રાલયના સચિવોને તેડુ પાઠવીશું.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અમે નામ પસંદ કરીને આપી દીધા છતાં ૯ મહિનાથી સરકાર તેના પર કોઈ નિર્ણય લેતી નથી.અમે સરકારને સિસ્ટમ અવરોધવાની પરવાનગી આપી શકીએ નહીં.સરકાર નવી મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરની રાહ જોવામાં ન્યાયાધીશોની નિયુક્તિ અટકાવી શકે નહીં.સુપ્રીમ કોર્ટના કોલેજિયમે ૭૭ નામ મોકલાવ્યા હોવા છતાં સરકારે ફક્ત ૧૮ નામને જ મંજુરી આપી છે.દેશની ૨૪ હાઈકોર્ટમાં ૧૦૪૧ જજોની મંજુરી સામે અત્યારે ૪૫૦ કરતાં વધુ ન્યાયાધીશોના પદ ખાલી પડ્યા છે.સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટમાં ૩૫ ન્યાયાધીશોની નિયુક્તિની મંજુરી આપી દીધી હતી છતાં સરકાર તરફથી કોઈ પગલાં લેવાયા નથી.અલ્હાબાદ હાઈકોર્ટમાં મંજુર કરાયેલા ન્યાયાધીશોની સંખ્યા ૧૬૦ છે જેની સામે ફક્ત ૭૭ ન્યાયાધીશો નિયુક્ત કરાયા છે.

એટર્ની જનરલનો ઉઘડો લેતાં સુપ્રીમે જણાવ્યુ હતું કે શું તમે ન્યાયતંત્રને તાળા મારવા માંગો છો ? રાજ્યોની હાઈકોર્ટોમાં ૬૦ ટકા કરતાં પણ ઓછા ન્યાયાધીશો છે. ન્યાયતંત્રને આ રીતે સ્થગિત થવા દેવાય નહીં. જવાબમાં એટર્ની જનરલ મુકુલ રોહતગીએ સુપ્રીમ પાસે ૧૧ નવેમ્બર સુધીનો સમય માગી વચન આપ્યું હતું કે સરકારના પક્ષો ન્યાયાધીશોની નિયુક્તિમાં કોઈ અવરોધ ઉભો કરાતો નથી. જો નવી પ્રોસિજર તૈયાર થઈ જશે તો ન્યાયાધીશોની નિયુક્તિ ઝડપથી થશે. આ પ્રોસિજર તૈયાર ન હોવાથી નિયુક્તિમાં વિલંબ થઈ રહ્યો છે.રોહતગીની રજુઆતને સુપ્રીમે ફગાવી દેતાં જણાવ્યુ હતું કે સરકાર અગાઉ જુની પ્રક્રિયા પ્રમાણે જજોની નિયુક્તિ માટે સંમત થઈ હતી તેથી આ કારણ ગળે ઉતરતું નથી.

વિશ્વભરમાં ફકત ભારતમાં જ ન્યાયાધીશોની નિયુક્તિ માટે કોલેજિયમ સિસ્ટમ અમલી છે.૧૯૯૩માં સુપ્રીમ કોર્ટ દ્વારા કોલેજીયમ સિસ્ટમનો પ્રારંભ થયો હતો. આ પ્રોસેસમાં ન્યાયાધીશોની નિયુક્તિ માટે ટોચના ન્યાયાધીશો નિર્ણય લે છે અન તેમાં સરકાર દ્વારા કોઈ હસ્તક્ષેપ કરાતો નથી. ન્યાયાધીશોની બદલીના નિર્ણય પણ કોલેજીયમ દ્વારા લેવાય છે.

યુનીયન સ્ટેટિસ્ટીકસ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન મિનિસ્ટર સદાનંદ દેવગોવડાએ કહ્યુ હતું કે દર વખતે સરકારને બદનામ કરવી સારી નથી.હું કાયદામંત્રી હતો ત્યારે મે ચીફ જસ્ટીસને લખ્યુ હતું કે નવી પ્રોસિજરને મંજુર થતાં સમય લાગી શકે છે.કારણકે અમારે તમામ રાજ્યોનો સંપર્ક કરવાનો હોય છે.અમે જુની પ્રોસિજર પ્રમાણે આગળ વધીશું. સરકાર સુપ્રીમના નિર્દેષ પ્રમાણે જજોની નિયુક્તિ કરવા આતુર છે.જો સદાનંદદેવગોવડાની વાત સાચી હોય તો અત્યાર સુધીમાં જજોની નિયુક્તિ થઈ જવી જોઈએ.પરંતુ સરકારની તરફેણ કરી શકે તેવા જ જજોની નિયુક્તિ કરવાની હોવાની શંકા છે જેના કારણે નિયુક્તિ થઈ શકી નથી તેવો જાણકારોનું માનવું છે.

કોગ્રેસે જણાવ્યુ હતું કે આગામી મહિનાથી શરુ થઈ રહેલા સંસદત સત્રમાં કોગ્રેસ ન્યાયાધીશોની નિયુક્તિમાં થઈ રહેલા વિલંબ માટે સરકાર પાસે જવાબ માંગશે. આનંદ શર્માએ જણાવ્યુ હતું કે જજોની નિયુક્તિમાં થઈ રહેલો વિલંબ સ્વીકાર્ય નથી.

## વિશ્વની તંદુરસ્ત ગણાતી મોટી લોકશાહી દેશમાં વ્યક્તિ પુજાને સ્થાન નથી

ભારત દેશની લોકશાહીને ગ્રહણ લાગ્યુ હોય તેમ લાગી રહ્યુ છે. વિશ્વ ભરમાં સૌથી મોટી લોકશાહી ભારતમાં છે તેના ગુણગાન ગાવામાં આવે છે. જયારે તામિલનાડુમાં વિધાનસભાની પેટાચુંટણી માટે ઉમેદવારી નોધવનારા અન્નાદ્રમુકના ત્રણ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રકો પર સુપ્રીમો જયલલિતાના જનરલ સેક્રટરી તરીકે હસ્તાક્ષર લેવાના બદલે અંગુઠાના નિશાન લીધા હતા.તામિલનાડુના મુખ્યમંત્રી છેલ્લા કેટલાક સમયથી બિમાર છે અને હોસ્પીટલમાં સારવાર હેઠળ છે.તેઓ પોતાના હસ્તાક્ષર નહી કરી શકે તેમ હોવાથી ચુંટણીના નિયમ મુજબ માન્ય પક્ષના ઉમેદવારે પક્ષના વડાના હસ્તાક્ષર ધરાવતું ફોર્મ રજુ કરવાનું હોય છે.ફોર્મમાં ચાર સહી કરવાની હોય છે.પરંતુ અન્નાદ્રમુકના ત્રણેય ઉમેદવારોના ફોર્મમાં જયલલિતાએ અંગુઠાના નિશાન આપ્યા હતા.ઉમેદવારી પત્ર પર થયેલા અંગુઠાના નિશાન એટેસ્ટ કરતાં મદ્રાસ મેડિકલ કોલેજના ડો.બાલાજીએ પણ નોંધ લખી હતી કે તેમની ઉપસ્થિતિમાં જયલલિતાએ આ અંગુઠાના નિશાન આપ્યા છે.



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અમારા સહુ કોઈ માનવંતા વાચકો,ગ્રાહકોને અમારા તરફથી દિપાવલીની તેમજ નવીન વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.ગત વર્ષમાં અનેક એવી બાબતો બની જેને ભુલી જવી એજ સારી બાબત ગણાશે.નહિતર એવી અનેક ઘટનાઓ છે જેને યાદ કરીએ તો મન અને મગજ ઉપર દાબ રાખવો મુશ્કેલ બની જાય તેમ છે.

સર્જીકલ સ્ટ્રાઇક ના નામે દેશમાં વાહવાહી લુંટનારા રાજકીય નેતાઓ માત્ર પોતાની ચુંટણીલક્ષી ગણતરીઓને ધ્યાનમાં લઈને જે વાતો કરી તેને સ્પષ્ટ રીતે આપણે જોઈ શકીએ છે કે તેનાથી દેશને કોઈ ફાયદો થયો હોય તેમ લાગતું નથી. આજે પણ દુશ્મનો આવીને તમારા સૈનિકોના માથા કાપી જાય અને તમે દિવાળી ઉજવવા માટે જવાનો સાથે પહોચીને પાછી વાહવાહી લુંટવા પ્રયત્ન કરો આનાથી વધુ કમનસીબી દેશની બીજી શું હોઈ શકે. સૈનિકોનું મોરલ વધારવા માટે જવા માટે કોઈ રોકતું નથી પરંતુ પાછુ એજ ચુંટણીલક્ષી ગણતરીઓ ધ્યાનમાં રાખીને કરાતાં તમામ પ્રયત્નો છે.દેશની જનતાને જ્યાં સુધી ભોળવી શકાય ત્યાં સુધી શક્ય છે.ઈઝરાયેલ ના ભુતપુર્વ લશ્કરી વડા અને રાજકીય નેતા મોશે દયાન સરહદ પર સહુથી પ્રથમ હરોળમાં સૈનિકો સાથે યુધ્ધ લડતા હતા.તેમનો દેશ ચારે બાજુ દુશ્મનોથી ઘેરાયેલો છે.પરંતુ તેમણે કુનેહથી તેમના દુશ્મનોના દાંત ખાટા કરી નાંખ્યા.કોઈ પબ્લીસીટી વગર.યુધ્ધના મોરચે પ્રથમ હરોળમાં જઈને સૈનિકોનું મોરલ અને જોમ વધાર્યુ તો આજે ઈઝરાયેલની સેના વિશ્વભરમાં અજોડ ગણાય છે અને દુશ્મનો તેમનાથી ગભરાય છે.

## મંતવ્ય

આપણા લશ્કરી જવાનનું માથુ વાઢીને જો પાકિસ્તાની સૈનિકો કે આતંકીઓ લઈ જતા હોય તેવા સમાચારો પરથી એવું લાગે છે કે આપણી સરહદની અંદર ઘુસી જઈને જો પાકિસ્તાનીઓ આવી હરકતો કરતાં હોય તો પછી આપણી સેના કે સરહદ પર જેમની જવાબદારી છે તેઓ શું કરે છે.આતંકીઓ કે પાકિસ્તાની સૈનિકો આપણા બગીચામાં ફરવા આવ્યા હોય તેમ આવીને હુમલો કરી કે મારી નાંખીને કે શીર કાપીને લઈ જાય તો આપણે શું કરીએ છીએ.ખોટી બડાશો મારવાની નેતાગીરીને આદત પડી ગઈ છે.ખોટા હોકારા પડકારા કરીને દેશની જનતાને બેવકુફ બનાવવાની વાતોથી હવે પેટ ભરાતું નથી.લશ્કરને છુટ આપી દો અને તેઓ સામે એ જ પ્રકારનો જવાબ આપે તે જરુરી છે.ખોટી મિત્રતાઓ કે ખોટી વિદેશનીતિથી રોજ આપણે આપણા મોઘાં જવાનોના જીવનો નષ્ટ કરી રહ્યા છીએ.જેમના કુટુંબોને આ ખોટ સહન કરવી પડે તેમને ખબર છે કે એક વ્યક્તિની ખોટ કોને કહેવાય.હવે તો હદ બહાર બધું થઈ રહ્યુ છે. પ૬ની છાતીના બરાડા કેમ શાંત બની ગયા છે તે સમજાતું નથી.

શાંતિલાલ એમ. દેસાઈ

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# બસપા પ્રમુખ માયાવતી સર્જીકલ સ્ટ્રાઇકનો શ્રેય સંઘને આપવાના નિવેદનથી સંરક્ષણ મંત્રી પારિકરથી ખફા

બહુજન સમાજવાદી પાર્ટીના પ્રમુખ માયાવતીએ સેના દ્વારા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર(પીઓકે)માં કરાયેલી સર્જીકલ સ્ટ્રાઇકનો શ્રેય આરએસએસને આપનારા સંરક્ષણ મંત્રી મનોહર પારીકરના નિવેદનને સેનાનું અપમાન ગણાવ્યુ હતું.માયાવતીએ કહ્યુ હતું કે પારિકર દ્વારા સર્જીકલ સ્ટ્રાઇક કરીને સેનાની કાર્યવાહીનો શ્રેય સંપુર્ણપણે સેનાને આપવાને બદલે પ્રથમ વડાપ્રધાન મોદી અને હવે સંઘને આપવો એ ભારતીય સેનાનું અપમાન છે.જે અતિ નિંદનીય છે.તેમણે કહયુ હતું કે ભાજપ અને દેશના સંરક્ષણ મંત્રી અને સ્વયં વડાપ્રધાન દ્વારા તેનો શ્રેય લઈને રાજકીય લાભ ઉઠાવવાનો પ્રયાસ કરવો અને ઉત્તરપ્રદેશ તથા અન્ય રાજ્યોમાં આવનારી ટુંક સમયમાંજ વિધાનસભાની સામાન્ય ચુંટણીઓમાં ભાજપ દ્વારા તેનો ચુંટણીલક્ષી લાભ ઉઠાવવાની કોશીશ ખોટી અને નિદનીય છે.

યુપીના પુર્વ મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે જગજાહેર છે કે સંઘ એક સર્વમાન્ય સંસ્થા નથી.કેમકે તેનો એજન્ડા નફરત પર આધારિત વિભાજનકારી અને વિઘટનકારી છે.એટલું જ નહી ખુદને સાંસ્કૃતિક સંસ્થા ઘોષિત કરનાર સંઘના લોકો હંમેશા રાજકીય ઉદ્દેશ્યોથી કામ કરે છે.હવે તેના કાર્યકર્તા સ્પષ્ટ રીતે ભાજપ અને તેની સરકારમાં સામેલ છે.

# બોકો હરામ દ્વારા અપહરણ કરાયેલી યુવતીઓને હવે મુક્તિ જોઇતી નથી

નાઈજીરીયાના કુખ્યાત આતંકી સંગઠન બોકો હરામ દ્વારા અઢી વર્ષ અગાઉ ચિબોકની એક શાળામાંથી વિદ્યાર્થીનીઓનું અપહરણ કરવામાં આવ્યુ હતું.જેમાંથી કેટલીક વિદ્યાર્થીનીઓને મુક્ત કરાવવા માટે નાઈજીરીયન સરકારે થોડી સફળતા મેળવી છે.જેમાં ૮૩થી વધુ વિદ્યાર્થીનીઓ ની મુક્ત થવા માટેની વાતચીત ચાલી રહી છે.પરંતુ ચોકાવનારી બાબત એ છે કે ૧૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ એવી છે કે જેમણે બોકો હરામની ચુંગાલમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છા નથી.

મોટાભાગની યુવતીઓ સામુહિક બળાત્કારનો ભોગ બની ગઈ છે. કેટલીકની સાથે જબરજસ્તીથી નિકાહ કરવામાં આવ્યા છે. તો કેટલીક યુવતીઓને જબરજસ્તીથી આતંકીઓની સેક્સ ગુલામ બનાવવામાં આવી છે.આવી સ્થિતિમાં તેમણે તેમનું સામાજિક સ્ટેટસ તો લગભગ ગુમાવી દીધું છે.યુવતીઓના કેટલાક પરિવારો પણ બોકો હરામ દ્વારા હણાઈ ચુક્યા છે.આમ આવી પરિસ્થિતિમાં રેફ્યુજી કેમ્પોમાં રઝળપાટ કરવો એના કરતાં આ પરિસ્થિતિમાં બે ટંકના સાંસા ના પડે અને છત મળી રહે તેવા આશયને કારણે આવી યુવતીઓએ આતંકીઓના શરણમાં રહેવાનું સ્વીકાર્યું છે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

બાકો હરામ દ્વારા કેટલીક યુવતીઓને સેક્સ ગુલામ તરીકે વેચી પણ નાંખવામાં આવી છે.જેમના પરિવારો દ્વારા આવી યુવતીઓને છોડાવવા મોટી રકમ મળી શકે તેમ છે તેને માટે તેઓ જાતે બાંધછોડ કરીને સોદા કરી લે છે.હવે સરકાર શું કરી શકે તે જોવાનું રહ્યું છે.

# ચીની બનાવટના માલનો બહિષ્કાર કરવાનું રાજકીય સુત્ર કેટલે અંશે વ્યાજબી અને વાસ્તવિક છે

આંતરરાષ્ટ્રીય સ્તરે ચીને પાકિસ્તાનની પીઠ થાબડી અને ભારતે જે વ્યક્તિને આતંકવાદી જાહેર કરવા માટે જહેમત ઉઠાવી તેના પર ચીને વીટો વાપરીને પાણી ફેરવી દીધું. પરિણામે ચીની માલનો બહિષ્કાર કરવાનું એલાન રાજનેતાઓ જોરશોરથી કરી દીધું.હાલમાં તો દિપાવલીના ટાણે સૌથી વધુ વેચાતી ચીજમાં ચીની ફટાકડા છે.પરંતુ દિવાળી પહેલા વેપારીઓએ ચીની ફટાકડાનો સ્ટોક કરી દીધો હતો.વિદેશી માલ નહી વાપરવાની ભાવના દેશના નાગરિકોમાં પેદા થાય અને તેની સામે દેશમાં એવી જ અને એટલી જ કિમતે એ ચીજવસ્તુઓ પ્રાપ્ત થાય તો જે મકસદ ઉભો કર્યો તે વ્યાજબી ઠરે.ભારતમાં ચીનનો વેપાર ડબલ્યુ ટીઓના ભારતે સભ્યપદ લીધા પછી વધ્યો.ભારતનું બજાર ખુલ્લુ થયું અને તેનો લાભ ચીને લીધો.ચીનનો વેપાર હાલમાં ૪૦ અબજની સપાટીએ ચાલી રહ્યો છે.અને હજુ વેપાર ૧૦૦ અબજ સુધી લઈ જવાની ગણત્રીઓ ચાલી રહી છે.ચીની માલનો બહિષ્કાર કરનારાઓ બીજી બાજુ ચીન સાથે જંગી રકમના એમઓયુ કર્યા છે.ગુજરાતના વાઈબ્રન્ટ મહોત્સવ માટે ચીનને અહીયા ભાગ લેવા માટે આપણે હરખપદુડા થઈ રહ્યા છીએ.માત્ર લોકોએ આ કહેવાતા બહિષ્કારનો સ્વાદ માણવાનો.સરકારના સ્તરે,રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર ક્યારેય તેનો અમલ કરશે નહી.વિશ્વબજારના દરવાજા ખુલી જવાથી ચીને દુનિયાભરના દેશોમાં નિકાસનો મોટે પાયે વેપાર શરુ કરી દીધો.પશ્ચિમ અને યુરોપીયન બજારોમાં ચીની માલ જંગ ખડકાઈ ગયા.ભારતીય બજારોમાં સોય થી માંડીને સ્ટીલ પ્લેટ સુધીની તમામ ચીજો ચીને ઠાલવી દીધી.ભારતીય બનાવટની ચીજો કરતાં ચીની બનાવટ ૪૦ ટકા સસ્તી છે.પરિણામે ગ્રાહકો તે તરફ ખેચાય છે.સિરામીક,ફટાકડા,ઓઈલ એન્જિન, ઈલેક્ટ્રોનિક્સ વિગેરેમાં ચીને ભારે ધસારો ભારતીય બજાર પર કર્યો પરિણામે સ્થાનિક ઊદ્યોગોને ભારે પછડાટ મળી છે.

સરકારની આવી બે મોઢાની વાતો જેવી કે ચીની માલનો બહિષ્કાર કરો પરંતુ પાછળની બાજુએ ચીન સાથે હરખપદુડા થઈને એમઓયુ કરવા અને તેમની સાથે જ્યાફતો ઉડાવવી છે. દેશની પ્રજાના નામે ચલાવાતી આવી ઝુંબેશને પ્રજાએ જ નકારી કાઢવી જોઈએ.આર્દશની વાતોના વડા કરવાથી બહિષ્કાર શક્ય બને તેમ નથી.ભારતની બેફામ મોંઘવારીના માહોલમાં ચીનની ૪૦ ટકા સસ્તી ચીજવસ્તુઓ મળતી હોય તો ગ્રાહકોને રોકી શકાય નહી.. જો કે ચીને ભારતમાં ખડકેલા વિવિધ ઉત્પાદનો ને કારણે ઉધ્યાગો, ઉત્પાદન અને રોજગારી ઉપર ઉંડી વિપરિત અસરો પડી છે.દેશના ઉત્પાદનો સસ્તા બને અને મોંધવારીને નાથી શકાય એટલું જ કામ જો આ સરકાર કરે તો પ્રજા માટે અચ્છે દિન આવ્યા કહેવાશે.બાકી બધો બકવાસ ગણાશે.

અનુ. પાન નં ૪નુ ચાલુ

જીવન જીવવાની પ્રેરણા આપતાં બળ છે.

બે વિદેશી વિદ્વાનોએ આકર્ષક સ્ત્રી-પુરુષો આર્થિકક્ષેત્રે વધુ સફળ થાય છે.એવુ વિધાન કરીને આકર્ષક બનવા માટે શું કરવું પડે તેની કોમનમેનની શોધને તીવ્ર બનાવી દીધી છે.હવે તે તેલ,સાબુ,સુગંધિત દ્વવ્યો,પાર્લર આ બધાં વિશે વધુ જાગૃત બનીને કાર્યરત થશે.ફોટોગ્રાફરને ત્યાં જઈને આકર્ષક ફોટોગ્રાફ પડાવી રખાશે.ન કરે નારાયણને કોઈ સફળતા મળે તો,વર્તમાનપત્રમાં ત્યાં પોતાના ખર્ચે ફોટા છપાવીને જગતને જાણ કરવી પડે.અમિતાભ,અનિલ કે મુકેશ અંબાણી,ગોવિંદા,આમીરખાન,સની દેઓલ,સંજયદત્ત,શાહરુખખાન, સલમાનખાન,રેખા, જુહી ચાવલા,માધુરી દિક્ષિત,કે શ્રીદેવી જેવા ધંધાકીયક્ષેત્રે સફળ બનેલા વ્યક્તિ વિશેષોના જીવનકવન પરથી પ્રેરણા લઈ કોમનમેન સફળતા માટેની યોત્રા શરુ કરશે. સફળથા માટે કોમનમેનને સૌથી શુભેચ્છા મળે તે માટે પ્રાર્થના છે. હસમુખ પટેલ (સૌ.સંદેશ)

# બાળાસાહેબ ઠાકરેના મિલ્કત વિલમાં અસમાનતાએ મામલો કોર્ટેના દ્વારે

બાળાસાહેબ ઠાકરેના અવસાન બાદ મિલ્કતના કરાયેલ વિલમાં બે પુત્રો પૈકી હાલ શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેને અઢળક મત્તા અને બીજા પુત્ર જયદેવને કંઇ નહીના કારણે કાનુની જંગ શરુ થયો છે.આ પ્રકરણે આગામી સુનાવણી માટે શિવસેનાના સાંસદ સંજય રાઉતને મુંબઇ હાઇકોર્ટમાં હાજર રહેવાનું કોર્ટે ફરમાન કર્યુ છે.મુંબઇ હાઇકોર્ટમાં રાઉતની સાક્ષી લેવામાં આવશે.

જયદેવ ઠાકરેએ બાળાસાહેબના વસિયતનામાને અદાલતમાં પડકાર્યું છે. આ કેસમાં જયદેવ હાઇકોર્ટમાં સાક્ષીદારોની યાદી રજુ કરી છે. આ યાદીમાં સંજય રાઉતનો સમાવેશ થાય છે.ગત સુનાવણી વખતે સંજય હાજર રહી શક્યા નહોતા. એથી નારાજ હાઇકોર્ટે સંજયને ૫મી ડિસેમ્બરે હાજર થવા સમન્સ પાઠવ્યું છે. આ કેસની સુનાવણી કરી રહેલા જસ્ટીસ ગૌતમ પટેલે સુનાવણી ૫મી ડિસેમ્બર પર રાખી છે.

રાઉત સાક્ષી આપવા નહીં આવે તો તેમને લાવવા પડશે એવો ઈશારે અદાલતે આપ્યો છે. છેવટે તે સાક્ષી માટે તૈયાર છે.શિવસેનાના મુખપત્ર સામના સંપાદકના નાતે સંજયની જુબાની નોધાવવાની અરજદારે માંગણી કરી છે. જયદેવ ઠાકરેના વકીલો રાઉતની ઉલટ તપાસ કરશે.

બાળા સાહેબનું વસિયતનામું પ્રમાણિત કરાવવા અનિલ પરબે હાઈકોર્ટમાં અરજી કરી હતી.જયદેવ ઠાકરેએ વસિયતનામાને પડકાર્યુ હતું. છેલ્લું વસિયતનામું ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ બનાવાયું હતું.વસિયત નામામાં જયદેવ ઠાકરેને કંઈ ફાળવવામાં આવ્યુ નથી. સંપત્તિનો મોટો હિસ્સો ઉધ્ધવ ઠાકરેના માને કરાયો છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


# ઇસ્લામિક સંગઠન વિરુધ્ધનું યુધ્ધ નિર્ણાયક તબક્કામાં : મૌસુલ શહેર ફરતે ઇરાકી દળો - ગઠબંધની સેનાએ સકંજો કસ્યો -રસાયણિક શસ્ત્રોનો ખતરો

વિશ્વભરમાં કુખ્યાત આતંકવાદી જુથ ઈસ્લામિક સ્ટેટ(આઇએસ)નો અંત હવે નજદીકમાં જ છે.પણ તેની મોટી કિંમત સામાન્ય લોકોએ ચુકવવી પડશે.ઈરાકના બગદાદ પછીના બીજા ક્રમના સૌથી મોટા શહેર અને આઈએસને ખદેડવા સૌથી વ્યુહાત્મક ગણાતા મૌસુલને આઈએસના કબજામાંથી મુક્ત કરવા માટે ઈરાકી દળો-ગઠબંધન સેનાએ મક્કમતાથી કુચ જારી રાખી છે.પરંતુ આ યુધ્ધની સ્થિતિમાં મૌસુલમાંથી ૧૦ લાખ લોકોએ વિસ્થાપિત થવું પડશે તેવી સ્થિતિ સર્જાઈ છે.આઈએસના આતંકીઓના કબજામાંથી મૌસુલને મુકત કરાવવા માટેના આ યુધ્ધથી છેલ્લા કેટલાક વર્ષોથી માનવનિર્મિત સૌથી દારુણ કટોકટી માનવો સર્જશે એવી શક્યતાઓ છે.

એક અંદાજ પ્રમાણે પાંચ લાખ લોકો અને પરિવારો આ યુધ્ધની સ્થિતિમાં મૌસુલ છોડીને સ્થળાંતર કરે એવી શકયતા છે.શક્તિશાળી તસવીરોથી ખ્યાલ આવે છે કે હજારો પરિવારો મૌસુલ છોડીને નાસી રહ્યા છે.અને સીરીયામા આવેલા રેફ્યુજી કેમ્પસમાં આશરો શોધી રહ્યા છે.

કેમકે ઈરાકી દળો-ગઠબંધન સેના તેમજ આઈએસના આતંકી વચ્ચે ભયંકર યુધ્ધ થવાની સંભાવનાઓ સર્જાઈ છે. માનવોએ આટલી મોટી સંખ્યામાં સ્થળાતંર કરવુ પડે એવી ભયાનક ત્રાસદીનું આ ઉદાહરણ છે.

સંયુક્ત રાષ્ટ્રએ આ મામલે ચિંતા વ્યકત કરી છે. યુએનના કહેવા પ્રમાણે મૌસુલમાં હાલ ૧૫ લાખ લોકો વસે છે. અને આઈએસ વિરુધ્ધ યુધ્ધમાં એ શક્ય છે કે આંતકીઓ આ નિર્દોષ નગરવાસીઓને માનવઢાલ તરીકે ઉપયોગમાં લે. જેના કારણે નિર્દોષના મોતની સંખ્યા પણ વધી શકે છે.

હાલ ૪૦,૦૦૦ ઈરાકી સૈનિકો અને કુર્દ મિલિશિયા આઈએસ સામે ઘસી રહ્યા છે.જ્યારે તેમને જમીન અને ભુમિ પરથી ૬૦ દેશોની અનો અમેરિકન નેતૃત્વ હેઠળની ગઠબંધનની સેના દ્વારા સપોર્ટ આપવામાં આવી રહ્યો છે.મૌસુલ છોડી જનારા લોકોમાંથી મોટાભાગના લોકો પહેરેલ કપડે નાસી રહ્યા છે.

સંયુક્ત રાષ્ટ્ર જાહેર આરોગ્ય એજન્સીએ જણવ્યુ હતું કે તેણે ઈરાકના ૯૦ તબીબોને હુમલામાં મોટાપાયે લોકો ઘાયલ થાય તો તેવી પરિસ્થિતિમાં સારવાર આપવાની તાલીમ આપી છે.આઈએસ પાસેથી મૌસુલ આંચકી લેવા માટે ચાલી રહેલા અભિયાનના ભાગરુપે જ આ તાલીમ આપવામાં આવી છે.આઈએસ છેલ્લા બે વર્ષથી મૌસુલ પર કબજો ધરાવે છે.આઈએસ ક્રુડ રસાયણ શસ્ત્રોથી સજજ હોવાની ભીતિ સેવાઈ રહી છે. પરંતુ ઈરાકી અને



સાથી દળો તેવા હુમલાનો સામનો કરવા માટે સજ્જ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યુ હતુ કે સાત લાખ લોકો મૌસુલ છોડીને ભાગે તેવી સંભાવના છે.બે લાખને તો તાકીદની સારવાર આપવી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.૯૦ હજાર બાળકોને રસી આપવી પડશે તો ૮ હજાર મહિલાઓને પ્રસુતિ આવી રહી હશે. આવા લોકો માટે છાવણી ઊભી કરવા માટે ટેન્ટ અને ધાબળાનો જથ્થો પણ મોસુલ પહોચી રહ્યો છે.૧૭ ઓક્ટો.ના રોજ શરુ થયેલા ઓપરેશન મોસુલને પુરુ થતાં મહિનાઓ નહી તો સપ્તાહો તો લાગશે જ. મોસુલમાં લાખો લોકો વસી રહ્યા છે અને લડાઈ હજી શહેરની અંદર પહોચી નથી.

ઈરાકના વિશેષ દળો મોસુલની પુર્વે પોતાના હેતુ સિધ્ધ કરી ચુક્યા છે. બીજા દિશાઓમાંથી આગળ વધી રહેલા દળો મોસુલ નજીક પહોચે તેની પ્રતિક્ષા થઈ રહી છે.તે પછી જ ઈરાકી દળો શહેરની અંદર પ્રવેશ કરશે.બ્રિગેડીયર જનરલ હૈદર ફાદહીએ કહ્યુ હતું કે યોજનાબધ્ધ રીતે સૈન્ય મોસુલ તરફ આગળ વધી રહ્યુ છે.

યમનના બળવાખોરોએ મુસ્લીમોના પવિત્ર શહેર મક્કા તરફ બેલાસ્ટિક મિસાઈલ ઝીક્યા હોવાનુ સાઉદી અરેબિયાએ કહ્યુ હતું.યમનમાં ચાલી રહેલા આંતરવિગ્રહ વચ્ચે બળવાખોરો સાઉદી કિંગ્ડમ પર વાર કરી રહ્યા છે.

બળવાખોરોના મીડીયાએ યમનમાં જણાવ્યું કે જેહાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટને નિશાન બનાવીને મિસાઈલ ઝીંકવામાં આવ્યુ હતું.જો કે સાઉદી અરેબીયાએ દાવો કર્યો હતો કે મક્કાથી ૬૫ કી.મી.ના અંતરે મિસાઈલને આંતરીને ખતમ કરી દેવાયું ડતું.મક્કાની પવિત્ર કાબાની વિશ્વભરના મુસ્લીમો પાંચ વાર નમાજ પડે છે.

આમ બળવાખોરો અને ઈસીસના આતંકીઓએ સમગ્ર મીડલ ઈસ્ટને ઘેરી લીધું છે.હવે ઈરાકી અને સંગઠનના દળો કેટલી જલ્દીથી મૌસુલને આઝાદ કરાવે તે પર નજર રહેલી છે. ઈસ્લામીક સંગઠનનો ખાતમો બોલી જાય તો પણ તેના દ્વારા થયેલી માનવ હત્યા અને નુકશાન ન ભરપાઈ શકે તેમ છે.

સંયુક્ત રાષ્ટ્રે જણાવ્યુ હતું કે આઈએસ દ્વારા મોસુલમાં હજારો સ્ત્રી,પુરુષો અને બાળકોને બાનમાં રાખવામાં આવ્યા છે.જે પૈકી ૨૩૨નો વધ કરાયો હતો.કુર્દીશ અને ઈરાકી દળો મોસુલ તરફ આગળ વધી રહ્યા છે તેમ તેમ આઈએસ બાનમાં રાખેલા લોકોને વ્યુહાત્મક સ્થળે લાવવા માંડ્યુ છે.બાનમાં રાખેલા લોકોનો માનવીય ઢાલ તરીકે ઉપયોગ થશે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# સત્ય જાણવા અરીસો સર્વોત્તમ સાધન

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવા જેટલા પુરતું વાંચે છે.કોમનમેનને પણ જીંદગીની પળોજણ એટલી બધી હોય છે કે વાંચન વૈભવ તે ભોગવી શકતો નથી.પણ ક્યારેક ક્યારેક તે વાંચનાની મઝા ભોગવી લે છે.આવી મઝાના કેટલા આકસ્મિક લાભ થાય છે . આવોજ લાભ કોમનમેનને હમણાં થયો. વાંચતા વાંચતા એક સંશોધન વિશે જાણવા મળ્યું.

આમ, તો કોમનમે સંસોધનથી ગભરાય છે કારણકે અવારનવાર સંશોધનની જે વિગતો અખબારોમાં આવે છે તે ચોંકાવનારી તો હોય છે જ પણ ક્યારે વિરોધાભાસી હોય છે.નિયમિત કોફી પીવાથી હૃદયરોગના હુમલાથી બચી શકાય છે એવી માહિતી મળવાથી કોમનમેન નિયમિત કોફી પીવા માંડે છે.બે ચાર મહિને એવી માહિતી આવે છે કે ચા-કોફી પીવાથી હૃદયરોગ થવાની શક્યતા ધુમ્રપાન કરતાં ઓછી છે.રોજ એક એસ્પીરીન લેવાથી હૃદયરોગને અટકાવી શકાય છે.એમ માની ને કેટલાક લોકો એસ્પરીન લેવાનું શરુ કરે છે.ત્યારે કોઇ પરદેશી યુની.ના અધ્યાપક પંદર વર્ષના સંશોધનના આધારે કહેશે : એસ્પીરીનથી અલ્સર થાય છે.સહેલાઈથી ગળે ઉતરી જાય તેવી હોય છે પણ એના અનુભવનો આનંદ લેવાનો શોખ કોમનમેન ભાગ્યે કરી શકે છે.

અમેરિકાની ટેકસાસ યુની. ના પ્રા.ડેનિયલ કેમરમેસ પોતાના વીસ વર્ષના સંશોધનને અંતે જણાવે કે આકર્ષક સ્ત્રી પુરુષો સામાન્ય લોકો કરતાં વધુ કમાઈ શકે છે.આ તારણ પર આવતાં વિદ્વાનોને વીસથી વધુ વર્ષો લાગ્યા છે. ગામડાની ગણેલી કે શહેરનો રામલો પણ કહી શકે તે વાત સમજતાં વિદ્વાનોને આટલા બધા વર્ષો લાગ્યા તેનું કોમનમેનને આશ્ચર્ય થાય છે.

જો કે આ વિદ્વાને ઊંડો અભ્યાસ કર્યો છે એટલે અન્ય કેટલાંક નિરિક્ષણો પણ કર્યા છે.પ્રા.ડેનિયલ કેમરમેસ કહે છે. કોઇપણ કંપની(ઊદ્યોગ)માં સુપરવાઈઝર કે મેનેજર સામાન્ય દેખાવનો હોય તો,તેના હાથ નીચે કામ કરતાં કર્મચારીઓનું ધ્યાન તેના તરફ હોતું નથી.દેખાવને કારણે તે પુરતુ માન પણ પામતા નથી.વ્યક્તિનો સામાન્ય દેખાવ અન્યનું ધ્યાન ખેચી શકતો નથી.આથી વિપરીત જો મેનેજર સુપરવાઇઝર આકર્ષક,રુપાળો, મનહર હોય તો આ આર્કષાય છે. તેમાંય મેનેજર મહિલા હોય તો કર્મચારી પુરુષો માટે વધુ રહેવાનું, કર્મચારી મહિલા હોય તો મેનેજર પુરુષ માટે વધારનું આકર્ષણ રહે. આથી લાભ થાય છે.આકર્ષક બોરના હુકમો કર્મચારી ફટાફટ માનવા લાગે છે. તેમને સારુ લગાડવા ઉત્સાહથી કામ કરે છે. પરિણામે બોસ સફળ થાય છે. આકર્ષણથી ઉત્પાદકતાથી વૃધ્ધિ થાય છે.હવે સમજાય છે કે રુડા રુપાળા મનમોહનસિંહ આર્થિક ક્ષેત્રે કેમ સફળ થઇ રહ્યા હતા. બીજો પણ એક લાભ છે જો બોસ આકર્ષક હોવા છતાં નબળો હોય તો, કર્મચારીના વર્તનથી તેનામાં પરિવર્તન આવે છે. તે પોતાની નબળાઇ દુર કરી જાતને સિધ્ધ કરવા મથે છે.તે માટે તે પ્રયત્નશીલ બને છે.અંતે નબળાઇ ત્રુટિ દુર કરી તે કાર્યક્ષમ બને છે.

કોમનમેનને હવે સમજાય છે કે રિસેપ્શનિસ્ટ અર્થાત આવકારતાં સ્ત્રી કે પુરુષને નોકરી આપવાની જાહેરાતમાં હંમેશા સુંદર, આકર્ષક, અને ચપળ યુવક-યુવતીઓનો આગ્રહ કેમ રાખવામા આવે છે.એરહોસ્ટેસ માટે પણ આવો જ આગ્રહ રખાય તે સ્વાભાવિક છે.કોમનમેનને પોતાનો રંગ તો લઇને જન્મે છે તે પણ આકર્ષક બની શકે તે પ્રતીતી તેને બ્યુટી પાર્લર,સૌદર્યવર્ધક સાબુ કે શેમ્પુ ક્રીમની જાહેરાતોથી થાય છે.આ બધાને પરિણામે સફળતા માટેની આકર્ષક પ્રતિભા પ્રાપ્ત થાય છે. પણ તેના કેટલાક જોખમો પણ છે. આર્થિક ક્ષેત્રે કાર્યક્ષમતા વધે તો સફળ થવાય પણ જો રોમાંસમાં આ કાર્યક્ષમતાથી સફળ બન્યા તો મુશ્કેલી, ખર્ચાળ પરિસ્થિતિ ઉભી થાય . ડો જેફીબીડલ અને ડો.કેમરસેસનું સંશોધન તો આર્થિક ક્ષેત્રે આકર્ષક સ્ત્રી પુરુષ અન્ય કરતાં વધુ સફળ થાય છે તે અંગેનુ હતું. પણ આ વાત પ્રેમમાં તો સો ટકા સાચી છે. વગર સંશોધનને કહી શકાય. ફિલ્મ વ્યવસાય કે અન્યત્ર પણ સ્ત્રી પુરુષોની સફળતા સમજાય તેવી છે.

સામાન્ય રીતે બીન આર્થિક રાજકારણમાં પણ આકર્ષક સ્ત્રી પુરુષો સફળ થાય છે.જો જો કેનેડી, જવાહરલાલ નહેરુ,કે રાજીવ ગાંધી તેના ઉદાહરણો છે.ઇન્દીરાજીમાં કરિશ્મા વિશે તો નિબંધો લખાયેલ કરિશ્મા(કપુર) માત્ર ફિલ્મોમાં જ નહી, કરિશ્મા રાજકારણમાં પણ ચાલેછે. ગાંધીજી જેવા સફળ રાજનેતા આકર્ષક ગણાય કે નહી તે વિશે મતભેદો છે. આથી જ કૃષ્ણને કાળો કામણગારો કહેવાય છે.આફ્રિકામાં બ્લેક બ્યુટીની મહત્તા છે.

મારા સોનાના એ ગામના ગારાના એવી માતૃપ્રેમ જેવી ભાવના કોમનમેનની પોતાના ચહેરા માટે અને પોતાની આકર્ષણયુક્ત પ્રતિભા માટે હોય છે.અરીસાનું આ કારણે જ માહાત્મ છે.સત્ય કહેવા માટે અરીસાને ઉત્તમ સાધન મનાયું છે.છતાં એ અરીસા સામે પ્રત્યક્ષ ઊભા રહીને કોમનમેન પોતાને સુંદર અને આકર્ષક માને છે.એમ માનવામાં આનંદ આવે છે.એટલું જ નહી,ગૌરવનો અનુભવ થાય છે.આ આત્મરતિ કે આત્મ ગૌરવ કોમનમેનને આ અસાર સંસારમાં

અનું. પાન નં.૨ ઉપર


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો. નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્ક: એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# પ્રતિષ્ઠિત મેન્સ બુકર સાહિત્ય પુરસ્કાર જીતનાર પ્રથમ અમેરિકન લેખક પોલ બીટી

૨૦૧૬નું પ્રતિષ્ઠિત મેન્સ બુકર પ્રાઇઝ અમેરિકાના લેખક પોલ બીટીને આપવાની જાહેરાત કરવામાં આવી છે.યુએસના વંશવાદ પર કટાક્ષકથા લખનાર લેખકનું આ રીતે સન્માન કરવામાં આવશે.મેન્સ બુકર પ્રાઇઝ જીતનારા તેઓ પહેલા અમેરિકન લેખક છે.તેમના પુસ્તક' ધ સેલ આઉટ' માટે તેમને નવાજમાં આવ્યા છે.પોલની ઉંમર ૫૪ વર્ષની છે તેમને જન્મ લોસ એન્જલસમાં થયો હતો. તેઓ યુ.એસની કોલંબીયા યુની.માં પ્રોફેસર છે.આમ તો તેમના લેખનકાર્યો અને પુસ્તકોને સાહિત્યના સંદર્ભમાં નબળા ગણવામાં આવી રહ્યા છે.આમ છતાં તેમનું પુસ્તક ધ સેલ આઉટ પ્રાઇઝ માટે પસંદ કરવામાં આવ્યુ છે.

મેન્સ બુકરન પ્રાઇઝની જજિંગ પેનલમાં સામેલ લોકોનું માનવું છે કે પોલની નવલકથા અમેરિકાની હાલની વંશીય રાજનીતી પર આકરા કટાક્ષ સમાન છે. તેમાં સબંધકર્તા સૌ પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. તેમના લેખનમાં વાચકોને શરુઆતથી અંત સુધી જકડી રાખવાની ક્ષમતા છે.

આજે ભલે પોલના લેખન પર દુનિયા આફરીન હોય પણ પહેલા એવું નહોતું. અમેરિકા જેવો દેશ કે જ્યાં વંશવાદ્ ને જાતિભેદની રાજનીતિનું પ્રભુત્વ છે ત્યાં પોતાની કલ્પનાઓને કાગળ પર શબ્દ દેહ આપવાનું માનીએ છીએ તેટલું સહેલું નથી.આફ્રિકન અમેરિકન તરીકેનું તેમની ઓળખને કારણે હંમેશા સતર્ક રહેવાનું તેમના માટે તલવારની ધાર પર ચાલવા સમાન હતું.

જે લોકો પોલના લેખનને જાણે છે તેમનું કહેવું છે કે પોલ ઘણું બધું તેમનના શબ્દોના સહારે છોડી દે છે. તેમના લેખો કયારેક વાચકોના ચહેરા પર હાસ્ય લાવે છે તો ક્યારેક લોકોને માયુસ અને રડમસ બનાવી મુકે છે.બુકરના જ્યુરીએ આ નવલકથાને આઘાતજનક અને રમુજી ગણાવી છે.ધ સેલઆઉટ એક આફ્રિકન-અમેરિકન માણસની વાત છે જે પોતાની ઓળખ માટે સતત સંઘર્ષ કરતો રહે છે.વક્તા એ છે કે આ નવલકથાની પૃષ્ઠભૂમિ એક સમયે જ્યાં અશ્વેતોને સૌથી વધુ અન્યાય કરતો હતો તે લોસ એન્જલસના અંધારિયા એકલ વિસ્તારને ધ્યાનમાં રાખીને લખાઇ છે.લંડનના ગિલ્ડહોલમાં પચાસ હજાર પાઉન્ડનું આ સાહિત્ય ઇનામ સ્વિકારતી વખતે તેઓ અત્યંત ભાવુક બની ગયા હતા.પોતાની સ્પીચમાં તેમણે કહ્યું કે તેઓ લેખનને ધિક્કારે છે. આ પુસ્તક લખવું અઘરુ હતું. મને લાગે છે કે જેમ મારા માટે તે લખવું અઘરુ હતુ તેમ વાચકો માટેવાંચવું પણ અઘરુ બની રહેવાનું છે.જજોએ તેમની આ નવલકથાને માર્ક ટ્વેઇન અને જોનાથાન સ્વીફ્ટના લખાણો સાથે સરખાવી હતી.સ્વીફ્ટ અને ટ્વેઇન પછી અમેરિકન સમાજમાં ફરીથી વ્યંગની ભાવના જાગૃત થઇ છે તેમ આ નવલકથા પરથી લાગે છે તેમ જજોએ કહ્યુ હતું.હાલમાં ન્યુયોર્કમાં રહેલા બિટ્ટીએ સ્લમ્બરલેન્ડ, ટફ્ફ અને ધ વ્હાઇટ બોય શપલ નામની બીજી ત્રણ નવલકથાઓ પણ લખી છે.સતત ત્રીજા વર્ષે બુકર પ્રાઇઝ ફિકશન લેખનને અપાયું છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.